RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 9 * Issue No. 19* Date: 08.11.2022, Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## મોરબી દુર્ઘટના, કોરોના અને લઠ્ઠાકાંડથી ભાજપ છતી થઈ ગઈ: રાજસ્થાનના CMના આકરા પ્રહારો



વડોદરા

ગુજરાત વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં આણંદના આંકલાવ ખાતે રેલીને સંબોધિત કરવા વડોદરા એરપોર્ટ ખાતે રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત આજે આવી પહોંચ્યા હતા. મીડિયા સાથેની વાતમાં તેમણે ઈડબ્લ્યુએસ અનામત પર સુપ્રીમ કોર્ટના ચુકાદાનું સ્વાગત કર્યું હતું. તેમજ કહ્યું હતું કે, ગુજરાતના લોકોએ ગુજરાતનો વિકાસ કર્યો છે. કોરોના, લઠ્ઠાકાંડ અને મોરબી દુર્ઘટનાએ ભાજપની પોલ ખોલી છે.

આંકલાવ ખાતે રેલીને સંબોધન માટે વડોદરા એરપોર્ટ પર આવી પહોંચેલા કોંગ્રેસના નેતા અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત કહ્યું હતું કે, ગુજરાતમાં કોંગ્રેસની રેલીઓ ઘણી સારી રહી. આમ આદમી પાર્ટીએ જે રીતે જુઠ્ઠાણાંનો સહારો લઇ પ્રચાર કર્યો તેમની હવે હવા નીકળી રહી છે. દિલ્હીમાં પ્રદૂષણને લઈને સ્થિતિ ગંભીર છે અને સરકાર સામે લોકોમાં આક્રોશ છે.

ગુજરાતમાં મોદી અને અમિત શાહ દ્વારા જે શાસન ચાલ્યું તેની મોરબીની ઘટનાએ પોલ ખોલી નાખી છે. મને દુઃખ છે કે, મોરબીની ઘટના ઘટ્યા છતાં કોઈ તપાસ નથી થઈ. હવે હાઈકોર્ટમાં આ અંગે સુઓમોટો દાખલ થઈ છે. મારી કેન્દ્ર સરકાર સમક્ષ માંગણી છે કે હજુ સમય છે કે, હાઈકોર્ટના જજ કે નિવૃત્ત જજના વડપણ હેઠળ કમિટી બનાવી તપાસ કરવી જોઈએ અને લોકોને ન્યાય મળવો જોઈએ. તેમણે કહ્યું કે, ગુજરાતને ગુજરાતીઓએ સદીઓથી બનાવ્યું છે. ભાજપનાં છેલ્લાં ૨૭ વર્ષના શાસનની પોલ મોરબી દુર્ઘટના, કોરોનાકાળ અને લઠ્ઠાકાંડે ખોલી નાખી છે.


# ગુલામ નબી આઝાદે કોંગ્રેસના વખાણ કર્યાઃઆઝાદે કહ્યું- ગુજરાત-હિમાચલ ચૂંટણીમાં ભાજપને માત્ર કોંગ્રેસ જ ટક્કર આપી શકે છે

જમ્મુ/શ્રીનગર

ગુલામ નબી આઝાદે કોંગ્રેસ પાર્ટી સાથેના દાયકાઓ જૂના જોડાણને છોડ્યા બાદ પાર્ટીની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને માત્ર કોંગ્રેસ જ પડકાર આપી શકે છે. જ્યારે, આમ આદમી પાર્ટી માત્ર દિલ્હીની પાર્ટી છે.

કોંગ્રેસના પૂર્વ નેતાએ કહ્યું કે તેઓ કોંગ્રેસ પાર્ટીની ધર્મનિરપેક્ષતાની નીતિની વિરુદ્ધ નહીં, પરંતુ તેની નબળી વ્યવસ્થા વિરુદ્ધ હતો. શ્રીનગરમાં મીડિયા સાથે વાત કરતાં તેમણે કહ્યું- હું હજુ પણ ઈચ્છું છું કે કોંગ્રેસ ગુજરાત અને હિમાચલ વિધાનસભા ચૂંટણીમાં સારું પ્રદર્શન કરે. કોંગ્રેસ પર વિશ્વાસ વ્યક્ત કરતાં તેમણે કહ્યું કે પાર્ટી લાંબા સમયથી હિન્દુ, મુસ્લિમ કે ખેડૂતો તમામ લોકોને પોતાની સાથે લઈને ચાલી રહી છે.

આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કરતા આઝાદે કહ્યું કે આમ આદમી પાર્ટી આ રાજ્યોમાં કંઈ કરી શકે તેમ નથી, તેઓ પંજાબમાં નિષ્ફળ ગયા છે અને પંજાબના લોકો તેને ફરીથી વોટ નહીં આપે. છઁ માત્ર UT દિલ્હીની એક પાર્ટી છે. તેઓ પંજાબને અસરકારક રીતે ચલાવી શકતા નથી, માત્ર કોંગ્રેસ જ ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભાજપને પડકાર આપી શકે છે કારણ કે તેમની સંયુક્ત નીતિ છે.



જમ્મુ અને કાશ્મીરને રાજ્યનો દરજ્જો આપવાનાવિચાર બાબતે કેન્દ્રમાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણના સંકેત પર, તેમણે કહ્યું કે તેમણે આ મુદ્દો અનેક વખત ઉઠાવ્યો છે અને જો કેન્દ્ર સરકાર આવું કરશે તો તેમના નિર્ણયનું સ્વાગત કરવામાં આવશે. ગુલામ નબી આઝાદ ડોડાના પ્રવાસે છે જ્યાં તેઓ આગામી દિવસોમાં અનેક રેલીઓને સંબોધશે.

૨૬ ઓગસ્ટ ૨૦૨૨ના રોજ આઝાદે કોંગ્રેસ પાર્ટીની સાથેના ૫૨ વર્ષ જુના સંબંધોથી છેડો ફાડ્યો હતો. ઓક્ટોબરમાં આઝાદે પોતાની નવી રાજકીય પાર્ટી 'ડેમોક્રેટિક આઝાદ પાર્ટી'ની જાહેરાત કરી હતી. સોનિયા ગાંધીને આપેલા રાજીનામાના પત્રમાં તેમણે છેલ્લા નવ વર્ષથી પાર્ટીને ચલાવવા માટે જે રીતે બધુ કરવામાં આવ્યું તેના માટે પાર્ટી નેતૃત્વ ખાસ કરીને રાહુલ ગાંધી પરનિશાન સાધવામાં આવ્યું હતું. પાંચ પાનાના પત્રમાં આઝાદે દાવો કર્યો હતો કે સોનિયા ગાંધી માત્ર નામ માત્ર જ અધ્યક્ષ હતા અને તમામ મોટા નિર્ણયો રાહુલ ગાંધી અથવા તેના સુરક્ષા ગાર્ડ અને PA દ્વારા લેવામાં આવતા હતા.ગુજરાતમાં બે તબક્કામાં ૧ અને ૫ ડિસેમ્બરે ચૂંટણી યોજાશે. ૮મી ડિસેમ્બરે મતગણતરી હાથ ધરાશે. ગુજરાતમાં ભાજપે સતત છ વિધાનસભાની ચૂંટણી જીતી છે. કોંગ્રેસ ભારત જોડો યાત્રા દ્વારા પોતાના પ્રચારને મજબૂત કરવાનો પ્રયાસ કરી રહી છે. છઁ વિશે વાત કરીએ તો છેલ્લી ચૂંટણીઓથી વિપરીત, આ વર્ષે આમ આદમી પાર્ટીએ પણ દિલ્હીના મુખ્યમંત્રી અને AAPના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલના નેતૃત્વમાં પુરી તાકાત સાથે ચૂંટણી લડી રહી છે જેના કારણે આ વખતની ચૂંટણી ત્રિકોણીયો જંગ બની ગઈ છે.

# ઈસ્ટ આફ્રિકાના રવાન્ડામાં તુલસી વૃંદાનો લગ્નોત્સવ વર્ડબૂકમાં નોંધાયો


કીગાલી (પરેશ ભટ્ટ દ્વારા)

દરેક ભારતીય વિશ્વના કોઈપણ ખૂણે જાય પરંતુ ત્યાં પોતાની સંસ્કૃતિ,ધર્મ સંસ્કારોને સાથે લેતો જાય છે. આજે વિશ્વને કોઈ પણ ખૂણે વસતો ભારતીય પોતાના ધાર્મિક સંસ્કાર અને પ્રવૃત્તિઓને ઉજાગર રાખવાનો હંમેશા પ્રયત્ન કરતો રહે છે.આવી જ એક ઘટના ઈસ્ટ આફ્રિકાના રવાન્ડા દેશના પાટનગર કીગાલીમાં બની છે.

કીગાલી રવાન્ડાનુ પાટનગર છે. અહીં ખૂબ થોડી માત્રામાં ભારતીય સમુદાયના લોકો વસવાટ કરે છે.

અંગેની વાત કરતા કીગાલીથી પરેશ ભટ્ટ એવું કહે છે કે અમો અહીં કીગાલીમાં આવેલા હિંદુ ટેમ્પલ એટલે કે સનાતન મંદિરમાં ઘણાં બધાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરીએ છીએ. તેમાં લગભગ તમામ ભારતીય લોકો સામેલ થાય છે.સંવત ૨૦૭૮ માં તુલસી વૃંદાના લગ્નનો ઉત્સવ કરવામાં આવેલો અને તેનું પુનરાવર્તન સંવત ૨૦૭૯ માં અમો સૌએ સાથે મળીને કર્યું.

આ લગ્નના માંગલિક પ્રસંગો કીગાલીના સનાતન હિંદુ મંદિરમા તા ૪ થી ૬ નવેમ્બર દરમ્યાન યોજાયા હતાં.



મુખ્ય લગ્ન સમારોહ ૫ નવેમ્બરના થયો હતો. તુલસી વૃદાનુ કન્યાદાન શ્રીપરેશ ભટ્ટ અને નમિતા ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું ઠાકોરજી પક્ષમાં વેવાઈ તરીકે શ્રી દિપક શુક્લ તથા એલોરા શુક્લએ રસમ નીભાવી હતી.

આ લગ્નના તમામ પ્રસંગો ભાવપુર્ણ રીતે ઉજવાયા હતાં.ક્રિચ્ચિયન ધર્મના પ્રદેશમાં ઉજવાયેલો આ ઉત્સવ સ્થાનિક લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

હિન્દુ મંદિરનાં સ્થાપક ટ્રસ્ટી શ્રી રજનીભાઈ પટેલે આખા આયોજનમાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

ત્યાના સ્થાનિક મિડિયા સંયોજક અને શિક્ષણવિદે આ ઈવેન્ટને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ માં રજીસ્ટર કરાવી હતી.અને તેમના વરદ્ હસ્તે કુ.ઉર્વશી જોશીને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડનો રજીસ્ટ્રેશન પત્ર એનાયત કરવામાં આવ્યો હતો.

આફ્રિકા-ઈન્ડીયા ફ્રેન્ડશીપ ફોરમના મિત્રો શ્રી જીતુભાઈ જોશી અને તખુભાઈ સાંડસુરે કાર્યક્રમની અને વર્લ્ડ રેકોર્ડ માટે શુભેચ્છાઓ પાઠવી છે.

# રાજ્યપાલ કોશ્યારીજીએ 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપના દિવસ પર રાષ્ટ્રીય પરિસંવાદનું ઉદ્‌ઘાટન કર્યું

**રાષ્ટ્ર નિર્માણમાં સંતો અને સામાજિક સંસ્થાઓનું મહત્વનું યોગદાન - પીયૂષ ગોયલ**

**જીતો, સંજય ઘોડાવત ફાઉન્ડેશન દ્વારા ગુરુદેવ રાકેશને 'અહિંસા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર' સમર્પિત - આચાર્ય લોકેશજી**





મહારાષ્ટ્ર રાજભવનનાં પ્રતિષ્ઠિત પ્રાંગણમાં "રાષ્ટ્ર નિર્માણમાં સંતો અને સામાજિક સંસ્થાઓનું યોગદાન" વિષય પર રાષ્ટ્રીય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

સેમિનારનું ઉદ્‌ઘાટન મહારાષ્ટ્રનાં માનનીય રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશ્યારીજી એ કર્યું હતું. આ સમારોહમાં કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલ, અહિંસા વિશ્વ ભારતીનાં સ્થાપક અને વિશ્વ શાંતિ કેન્દ્રનાં આચાર્ય ડૉ. લોકેશજી, શ્રી જયંત જૈન સહિત શ્રીમદ રાજચંદ્ર મિશન ધરમપુર, જીતો એપેક્સ અને સંજય ઘોડાવત ફાઉન્ડેશન સાથે સંકળાયેલી પ્રતિષ્ઠિત હસ્તીઓએ ભાગ લીધો હતો. મહારાષ્ટ્રનાં રાજ્યપાલ માનનીય શ્રી ભગતસિંહ કોશ્યારીજી એ સંબોધન કરતાં કહ્યું કે ભારત ઋષિમુનિઓની ભૂમિ છે, ભગવાન મહાવીર, ભગવાન બુદ્ધનાં માર્ગ પર ચાલીને જ વિશ્વમાં અહિંસા અને શાંતિની સ્થાપના કરી શકાય છે.

'અહિંસા વિશ્વ ભારતી અને વિશ્વ શાંતિ કેન્દ્ર'ના સ્થાપના દિવસ પર તેમને અભિનંદન આપતાં તેમણે કહ્યું કે વર્તમાન સમયમાં આચાર્ય ડૉ. લોકેશજી જેવા સંતો રાષ્ટ્ર નિર્માણ અને સમાજના ઉત્થાનમાં સક્રિય યોગદાન આપી રહ્યા છે. રાજ્યપાલ શ્રી ભગત સિંહ કોશ્યરી, કેન્દ્રીય મંત્રી શ્રી પીયૂષ ગોયલ અને આચાર્ય લોકેશજીએ આ પ્રસંગે 'જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન' (જીતો - જીટો), સંજય ઘોડાવત ફાઉન્ડેશન અને ગુરુદેવ રાકેશ ભાઈજીને 'અહિંસા ઈન્ટરનેશનલ એવોર્ડથી' સન્માનિત કર્યા. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે 'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'ના સ્થાપના દિવસની શુભેચ્છા પાઠવતા જણાવ્યું હતું કે સ્વસ્થ અને સમૃદ્ધ રાષ્ટ્રના નિર્માણ માટે સંતો અને સામાજિક સંસ્થાઓનું યોગદાન મહત્વપૂર્ણ છે.

આચાર્ય લોકેશજીનાં માનવતાવાદી કાર્યની પ્રશંસા કરતાં તેમણે કહ્યું કે તેમણે ભારતીય સંસ્કૃતિ અને ભગવાન મહાવીરનાં અહિંસાનો સંદેશ માત્ર ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં ફેલાવીને દેશને ગૌરવ અપાવ્યું છે.

'અહિંસા વિશ્વ ભારતી' અને 'વિશ્વ શાંતિ કેન્દ્ર'નાં સ્થાપક આચાર્ય લોકેશજીએ આ પ્રસંગે અહિંસા આંતરરાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનિત ગુરુદેવ રાકેશભાઈજી, જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઓર્ગેનાઈઝેશન (જીતો - જીટો), સંજય ઘોડાવત ફાઉન્ડેશનને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે એક ભવ્ય અને ગૌરવશાળી ભારતનાં નિર્માણ માટે સંતો અને સામાજિક સંસ્થાઓએ આગળ આવવું પડશે. તેમણે કહ્યું કે હિંસા અને આતંક કોઈ સમસ્યાનો ઉકેલ નથી, વૈશ્વિક સમસ્યાઓનો ઉકેલ ભગવાન મહાવીરની અહિંસા અને અનેકાંત ફિલસૂફીથી જ શક્ય છે. આ પ્રસંગે ગુરુદેવ રાકેશભાઈ વતી આત્માપ્રીત નેમીજીએ તેમનો સંદેશો વાંચ્યો, જીતો સંસ્થા વતી પૃથ્વીરાજ કોઠારીજી અને સંજય ઘોડાવત ફાઉન્ડેશન વતી સંજય ઘોરાવતે 'અહિંસા વિશ્વ ભારતી' સંસ્થાનો અહિંસા એવોર્ડથી સન્માનિત થવા બદલ આભાર વ્યક્ત કર્યો. કાર્યક્રમની શરૂઆત આયોજક સમિતિનાં પ્રમુખ શ્રી જયંત જૈનનાં સ્વાગત પ્રવચનથી થઈ હતી, આભારવિધિ શ્રી ગણપત કોઠારીજીએ કરી હતી. પ્રેરક વક્તા શ્રી સાજન શાહે કાર્યક્રમનું અસરકારક સંચાલન કર્યું હતું.

અહિંસા આંતરરાષ્ટ્રીય પુરસ્કાર માટેનું પ્રશસ્તિપત્ર શ્રી મોતીલાલ ઓસવાલ, શ્રી મહેન્દ્ર બાગરેચા, ડો. ગૌતમ ભણસાલી, શ્રી કિશોર જૈન દ્વારા વાંચવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા શ્રી રાકેશ ચોપડા, ગણપત કોઠારી, કિશોર જૈન, રાજીવ ચોપરા, લીના પ્રવીણ ચોપરા, રાકેશ નાહર, વિમલ કોઠારી, પ્રકાશ ચોપરા, કરણ કપૂર, જાવેદ, વિનીત વગેરેએ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું.

## જિજ્ઞેશ કવિરાજનો આક્રોશ:'મારા ખેરાળુમાં આજે પણ ત્રણ-ત્રણ દિવસે પાણી આવે છે, વિકાસ નથી થયો, રસ્તા ખરાબ છે એટલે ચૂંટણી લડીશ'

મહેસાણા

રાજ્ય સહિત મહેસાણા જિલ્લામાં પણ વિધાનસભાની ચૂંટણીનો માહોલ જામ્યો છે. કઈ બેઠક પર કોને ટિકિટ મળશે તેને લઈને ચારેકોર ચર્ચા જામી છે. ત્યારે ખેરાળુના વતની અને ગુજરાતમાં સંગીતની દુનિયામાં લોકચાહના ધરાવતા એવા કલાકાર જિજ્ઞેશ કવિરાજે પણ રાજકારણમાં ઝંપલાવવાનું મન બનાવી લીધું છે. દિવ્ય ભાસ્કરે જિજ્ઞેશ કવિરાજનો આ મામલે સંપર્ક કર્યો હતો. જેમાં તેઓએ 'મારા ગામનો વિકાસ નથી થયો, રસ્તા ખરાબ છે, ત્રણ દિવસે પાણી આવે છે, હવે ગ્રામજનોના કહેવાથી હું અપક્ષમાંથી ચૂંટણી લડીશ' તેમ જણાવી ચૂંટણી લડવાની તૈયારી બતાવી હતી.



લોકગાયક જિજ્ઞેશ કવિરાજે દિવ્ય ભાસ્કર સાથેની ટેલિફોનિક વાતચીતમાં જણાવ્યું હતું કે, થોડા સમયમાં અપક્ષમાંથી ફોર્મ ભરું છું. મારા ખેરાળુ વિસ્તારના લોકો અગ્રણીઓ અને મારા ચાહકોની ખૂબ લાગણી હતી કે હું પણ ચૂંટણી લડું. તેઓ મને કહેતા કે, તમે ચૂંટણી લડો અને ગામનો વિકાસ કરો, જેથી મેં સમય આવશે ત્યારે આ બાબતે વિચારીશું એવું નક્કી કર્યું હતું. ત્યારે હવે મારો સમય આવી ગયો છે. મને પહેલા મારા ગામે સ્વીકાર્યો અને આજુબાજુનાં ગામના લોકોએ સ્વીકાર્યો હતો જેથી મને એવું થયું કે હું મારા ગામને ઉપયોગી થાઉં.

વધુમાં જણાવ્યું કે, ખેરાળુમાં વિકાસ થયો નથી. ખેરાળુ પંથકમાં ઉદ્યોગ જ નથી, રોજગારી માટે આજુબાજુ ગામના લોકોને બહાર જવું પડે છે. ગામના લોકો અહીં જ નોકરી કરી શકે એવો કોઈ ઉદ્યોગ જ નથી. તેમજ રોડ રસ્તાની સમસ્યા, પાણી, ગટરની સમસ્યા પણ છે. બેથી ત્રણ દિવસે પાણી આવતું હોય છે, ગટર લાઈનની પણ મોટી સમસ્યા છે.

અન્ય તાલુકા પ્રમાણે ખેરાળુનો કોઈ વિકાસ થયો નથી. ચૂંટણી લડવી તે મારો વિષય જ નથી મારો વિષય ગાવાનો છે. પણ ખેરાલુના ચાહકો અગ્રણીઓએ મને ચૂંટણી લડવા માટે કહ્યું હતું. જેથી મેં ચૂંટણી લડવાનો વિચાર કર્યો છે. મારા ગામ માટે મારા વતન માટે હું કંઈક કરવા માગું છું. મને ખૂબ વિશ્વાસ છે ખેરાળુ પર. લોકોનો મને ખૂબ પ્રેમ મળ્યો છે અને આશીર્વાદ મળ્યા છે, તેમજ હજુ પણ આવો જ પ્રેમ અને આશીર્વાદ મળશે.

જો કોઈ પાર્ટી ઓફર કરશે તો તમે જોડાશો તે સવાલના જવાબમાં જિજ્ઞેશ કવિરાજે કર્યું કે, હાલમાં અનેક પાર્ટીઓ સક્રિય થઈ છે. સૌ પોતાની રીતે મેહનત કરી રહી છે. ત્યારે મે અપક્ષ તરફથી ચૂંટણી લડવાનું પસંદ કર્યું છે. હું કોઈ પક્ષનો નથી. તેમજ હજુ સુધી કોઈ પાર્ટી તરફથી મને ઓફર આવી નથી, પરંતુ જો કોઈ પાર્ટીની ઓફર આવશે તો હું તે વિશે વિચારીશ. મારા ગામનું સારું થશે અને મારી વિચારધારા પ્રમાણે હશે તો હું જરૂર તે વિશે વિચારીશ. પરંતુ હાલ તો હું કોઈ પક્ષ સાથે જોડાયેલો નથી અને જોડાઈ પણ નહીં.

ઉલ્લેખનીય છે કે, ખેરાળુ વિધાનસભાની બેઠક હાલ ભાજપ પાસે છે. જ્યા ધારાસભ્ય તરીકે અજમલજી ઠાકોર કાર્યરત છે.

## તંત્રી સ્થાનેથી...

# ચૂંટણી નો ચકરાવો..



ગઈકાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સવારે સાઉથ ગુજરાતમાં નાના પોઢા ખાતે આદિવાસી કાર્યક્રમમાં આવ્યા હતા અને જાહેર સભાને સંબોધન કર્યું હતું ત્યારબાદ સાંજે ભાવનગર ખાતે સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નમાં આવીને સંબોધન કર્યું હતું અને જાહેરાત કરી હતી. ×મેં બનાવ્યું ગુજરાત અમે બનાવ્યું ગુજરાત×

જેના અંતર્ગત ગઈકાલે સવારે કમલમ ખાતે પ્રદેશ પ્રમુખ સી આર પાટીલ ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ ભટ્ટ મહામંત્રી શ્રી વિનોદ ચાવડા તેમજ મીડિયા મુખ્ય પ્રવક્તા અમલ વ્યાસ ની હાજરીમાં સી આર પાટીલે મેં બનાવ્યું ગુજરાત અમે બનાવ્યું ગુજરાત સ્લોગન અને બે ગાયકોએ ગાયેલા આ શબ્દોરૂપી બે ગરબા સંભળાવીને શુભારંભ કરાવ્યો હતો. સમગ્ર ગુજરાતના ભાજપ મહિલા મોરચા માંથી પદાધિકારી બહેનો અને દિલ્હીથી પણ કેન્દ્રીય સંગઠનની બહેનો મોટા પ્રમાણમાં હાજર રહી હતી અને આ શુભારંભમાં ભાગ લીધો હતો તેમજ સમગ્ર મીડિયા તેમને સીઆર પાટીને મેં બનાવ્યું ગુજરાત અમે બનાવ્યું ગુજરાત અંતર્ગત ભારતીય જનતા પાર્ટી એ વિધાનસભાની ચૂંટણીમાં જે કંઈ દેખાવ કરવાનો છે તે અંગે જુદા જુદા સંબોધનો કર્યા હતા.

જોકે આ અંગે વિભક્તિ રાજકીય નેતાઓએ પોતાની પ્રતિક્રિયાઓ આપી હતી અને જણાવ્યું હતું કે આ ભારતીય જનતા પાર્ટીની ૨૭ વર્ષના શાસનની અહમ રાજનીતિ દેખાય છે અને ગુજરાતની જનતાનું અપમાન છે કે અમે બનાવ્યું ગુજરાત મેં બનાવ્યું ગુજરાત તે તદ્દન ખોટી વાત છે. ગુજરાતને સંપૂર્ણ બેઠો કરવામાં તેમજ અનેક આપત્તિઓ માંથી બહાર કાઢવામાં તેમજ રાજકીય સ્થિરતા જાળવવામાં અને જુદા જુદા વિકાસ કરવામાં ગુજરાતના અનેક રાજકીય પક્ષો અને નેતાઓનો સિંહ ફાળો છે ભારતીય જનતા પાર્ટીએ તો તૈયાર સરકારી શાસન ઉપર આવીને માત્ર રોપ જમાવીને પોતાના નામની તકતીઓ બદલીને સરકારને ચાર લાખ કરોડના દેવામાં નાખીને નકલી વિકાસ બતાવ્યો છે

. ગુજરાતના જુદા જુદા તાલુકાઓ અને જિલ્લાઓના પ્રવાસ માંથી આમ જનતાની અંદર પણ શાસક સરકારનું વિકાસલક્ષી વાતાવરણ વધુ પડતું હોય તેવો દેખાતું નથી જેવો દેખાવ ભાજપ અને શાસક સરકાર દ્વારા કરવામાં આવે છે. આ વખતની વિધાનસભાની ચૂંટણીમાં ખૂબ જ રસાકસી ભર્યો માહોલ રહી શકે છે હજુ તો ત્રણેય પક્ષોની ઉમેદવારોની પૂર્ણ યાદી બહાર પડી નથી ૨૬ નવેમ્બરના રોજ તો ફોર્મ ભરવાના છે અને ઉમેદવારને પોતાની વાત રજૂ કરવાનો ખૂબ જ ઓછો અવસર મળવાનો છે અને મતદારોને પણ ખૂબ જ ઓછો અવસર ઉમેદવારને પારખવામાં રહેવાનો છે સમગ્ર મામલો જોતા પરિવર્તનનો પવન કોંગ્રેસમાં પણ ફૂંકાયો છે એવી રીતે આમ આદમી પાર્ટી પણ જુદા જુદા અવનવા ઉમેદવારો દ્વારા મેદાનમાં આવી છે એટલે ભાજપે પણ ઉમેદવારો મૂકવામાં ૭૦ થી ૮૦% પરિવર્તન કરવું પડશે અને જ્યારે આ પરિવર્તન કરવામાં આવશે તો એવું પણ બને કે કદાચ ભાજપના જ લોકો ભાજપના જ ઉમેદવારોને ઘેર લાવીને ૧૦૦ સીટની અંદર પણ ભાજપની જીત બતાવે તો નવાઈ નહીં. પાટીદાર સમાજ ઠાકોર સમાજ કોળી સમાજ અને આદિવાસી સમાજમાં જાતિવાદી સંમેલનો અને શક્તિ પ્રદર્શનની શરૂઆત થઈ શકે છે જેથી ભાજપ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ બાકી રહેલા ઉમેદવારોને જાહેર કરવામાં ખૂબ જ તકલીફ અનુભવી શકે તો નવાઈ નહીં. જન ફરિયાદ ન્યુઝ ન્યુસ ઓફ ગાંધીનગર દૈનિક તંત્રી પ્રદીપ રાવલ

ચૂંટણીની મોસમ આવી છે
સાત પેઢી તારવી લેવાનો અવસર આવ્યો છે,
લો ,ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
મતદારોના મતો વાઢી લેવાનો અવસર આવ્યો છે.
લો ,ચૂંટણીની મોસમ મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
લુચ્ચા લફંગાને ચૂંટી લેવાનોઅવસર આવ્યો છે,
લો ,ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
નદી ન હોય ત્યાં પુલ બાંધવાનો અવસર આવ્યો છે,
લો,ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
ઉમેદવારના ખર્ચે મહેફિલ માંડી લેવાનો અવસર
આવ્યો છે,
લો ,ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
પ્રતિસ્પર્ધીની સાત પેઢીને ભાંડવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
તંત્રને માંયકાંગલું ને કંગાળ કરી લેવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
આચારસંહિતા ઘડીને તોડવાનો અવસર આવ્યો છે.
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે,
બિલાડીને ખીરનુ સિક્કું ભળાવવાનો અવસર આવ્યો છે
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
ચાડિયાએ પાકની ચોકી કરવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
ઊમેદવારની લટકતી સલામ ઝીલવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
કૂકર,સાડી,બુમલા,બીડી,બાટલી લેવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
મોટા આંકડા લઈ ઈલેકશન પોલ કરવાનો અવસર આવ્યો છે,
લો ચૂંટણીની મોસમ રૂમઝૂમ કરતી આવી છે.
ભરત વૈષ્ણવ
૦૭.૧૧.૨૦૨૧.# કવિતા

# અમેરિકન ડોલરને ખાનગી અને ખુલ્લી ચેલેન્જ !!!

અમે હરગિજ ડરપોક નથી. અમે અફવા કે હકીકતથી ડરતાં નથી અને મરી ગયા રે ની મરણપોક મુક્તા નથી.ડોલરનો જ દાખલો લઇ લો. શ્રીમંત પરિવારના બગડેલા નબીરાની જેમ ડોલર સૌને પરેશાન કરે છે. પરંતુ, અમે ડોલરની હલચલ કે ચાલચલગતથી ડરતાં નથી. કયોંકિ ડરના મના હૈ!! ડોલર તળિયા વિનાના લોટાની જેમ ગબડતો જાય છે. તેના મૂલ્યમાં ગોબા પડે છે. અલબત, અમે મિંયા ફૂસ્કી કે તભા ભટ જેવા ડરપોક નથી.એમ અમે બહાદુર બંકા પણ નથી, શું સમજયા? ડોલરે પંચોતેરની સપાટી વટાવી એટલે દિલમાં ફાળ પડેલી. માનો કે ગર્લફ્રેન્ડ બીજા બોય ફ્રેન્ડ સાથે રફૂચકકર થઇ ગઇ હોય!!

આજકાલ કોઇને સ્થગિતતા કે બંધિયારપણું ગમતું નથી. પેટ્રોલે મનચલીની જેમ સો રૂપિયાની મેજીક સપાટીને ટચ કરેલ. અમે તેને ઠપકો સુધ્ધા આપી શકેલા નહીં. પેટ્રોલને પગલે ડીઝલબાઇ તેને પગલે ચાલી. આપણે સાક્ષીભાવ કેળવવા સિવાય શું કરી શકીએ?? સિંગતેલ જેવા સિંગતેલે રૂપિયા ત્રણ હજારના મેજીક ફિગરને સ્પર્શ કર્યો તેને ઐતિહાસિક કહેવા સિવાય શું કરી શકીએ?? પરોઠા પર ૧૮ % જીએસટી લાગે એટલે પરોઠા ન ખાવાના પારોઠના પગલાં ભરી શકાય?? કદાપિ નહીં. કેમ કે, અમે ડરપોક નથી.

એક ચલણ સામે બીજું ચલણ ગબડે તેના અનેક કારણો હોય છે! એનું સાચું મૂલ્યાંકન-આકલન કરવાની પહેલ કરવી પડશે. એક ડોલરના ત્યાંશી રૂપિયા થયા એટલે રૂપિયો ગબડ્યો બબડ્યો નથી. અપિતું, ડોલર રૂપિયા સામે મજબુત થયો છે!! કેટલું પોઝિટિવ વિશ્લેષણ !!! આવું વિશ્લેષણ સમજદારી વિના સંભવિત નથી કે શક્ય નથી. આપણો રૂપિયો રેસલિંગની રીંગમાં બોર્નવિટા કે પ્રોટિનેકસ પહેરીને લડી રહ્યો છે. રૂપિયો પિટાતો નથી, પણ ડોલર તેને પિટે છે. આમ, કહેવાથી ફૂલણજી ડોલર ફૂલાઇ જશે અને એક દિવસ આપણો રૂપિયો એવો દાવ ખેલશે ત્યાંશી ડોલર બરાબર એક રૂપિયો થશે. ચાલો, મુંગેરીલાલ કે શેખચલ્લીની માફક ઈસ્ટમેન કલરમાં સિનેમાસ્કોપ સપના જોવા માંડો!!! હમ હોંગે કામિયાબ એક દિન. મન મેં હૈ વિશ્વાસ હમ હોંગે કામિયાબ એક દિન!!અત્યાર સુધી ડોલર કાચબાની માફક અંગો સંકોડીને શાંતિથી બેઠો હતો. આઝાદી સમયે એક ડોલરનો વિનિમય દર એક રૂપિયો હતો. આપણે ડોલરનું ઉત્થાન કરવાની યોજના કાર્યાન્વિત કરી છે.હવે ડોલરે અજગરની માફક ફૂંફાડો માર્યો છે રૂપિયા સામે ૬૫-૬૬ સામે શેરબજારના બુલિયન જેમ હવે ઊંચકાયો છે!! હવે ૮૩ની ઐતિહાસિક ઊંચાઈએ પહોંચ્યો છે. અમેરિકન ડોલર સામે રૂપિયો સાબુ, સોડા, પાવડર, પાણી વિના વગર ધોકાએ ધોબીપછાડ ધોવાયો છે. આઝાદી સમયે એક ડોલર બરાબર એક રૂપિયો હતો. આજે રૂપિયો હિન્દી ફિલ્મના વિલનના જેમ અમેરિકન ડોલર જેવા હીરોના હાથે ધોવાઈને ત્યાંશીની સપાટીએ પહોંચી ગયો!!!

કેટલાક લોકો કાગડા જેવા હોય છે.એમને દેડકાને પરેશાન કરવામાં મજા આવે છે. પછી છોને દેડકાનો જીવ જાય.!! એક ડોલરના પંચોતેર, છોંતેર , સિતોતેર, અઠ્ઠોતેર , ઓગણ્યા એંશી, એંશી, એક્યાશી , બ્સાંશી અને ત્યાશી રૂપિયા થયા તેમાં તેમના દિલના ધબકારા વધી ગયા. ઈસીજીમાં ઉછાળ આવ્યો. થર્મોમિટરનો પારો થર્મોમીટર તોડીને બહાર આવી જશે તેવું લાગ્યું!! એ સમયે પણ થનગનભૂષણો આપણે કરેલ નિકાસના વધુ રૂપિયા મળશે તેન કેલકયુલેટરમાં ગણ્યા વિના કહેવા લાગ્યા!! આપણા એનઆરઆઇ ભારતમાં વધુ રૂપિયા મોકલાવશે એટલે ભારતની ચાંદી હી ચાંદી થઇ જશે. સબ હાલ ચંગા થઇ જશે તેવું ગાઇ વગાડીને કહે છે!! આપણે આયાત માટે વધુ રૂપિયા ચુકવવા પડશે તેવું છુપાવીને રાષ્ટ્રપ્રેમ દર્શાવી રહ્યા છે, રાષ્ટ્રની સેવા કરી રહ્યા છે!! સ્વદેશી રૂપિયો ડોલર સામે ગબડે છે, સોરી ડોલર મજબુત થાય છે તો અમારા પેટનું પાણી હલતું નથી, કેમ કે, સુલભ શૌચાલયના ઉપયોગ માટે ડોલરમાં નહીં પણ રૂપિયામાં ચુકવણી કરવાની છે.વનિતા દાતણવાળી પાસેથી ડોલર આપીને નહીં પણ રૂપિયા આપીને દાતણ ખરીદ કરવાના છે!!!

વિક્રમ વસંત ૨૦૭૯નો હજુ હમણા પ્રારંભ થયો છે. ચારેબાજુ અમૃતકાળની ગૌરવવંતી ઉજવણી છે. સર્વત્ર મંગળ મંગળ મંગળ છે. છતાં કોચું બોલનારા વાતાવરણ બગાડે છે. લોકોને દિલ્હીના પ્રદૂષણની ચિંતા છે!પણ આવા પ્રદૂષણિયા વિદૂષકની ચિંતા નથી.આગામી વરસે ડોલર રૂપિયા સામે ૮૬.૭૦ રૂપિયા થઈને મજબુત થશે તેવી આગાહી કરી રહ્યા છે!! આવી કાળવાણી કરવાની શી જરૂર હોય!!આપણા લાડીલા કવિ હરિન્દ્ર દવે એક કવિતામાં કહે છે "મારીય ડાળખીમાં પાંદડા નથી ,મને પાનખરની બીક ન બતાવો. !!"આપણે ત્યાં મડા-મૃતદેહ પર વીજળી પડે તો મૃતદેહને તસુભાર નુકસાન થયું નથી તેમ કહેવાય છે. ભાવવધારાની એટલી વીજળી આપણા પર ત્રાટકી છે કે વીજળી પણ આપણું કશું બગાડી શકતી નથી . ડોલરને અમારી ખાનગી અને ખુલ્લી ચેલેન્જ છે કે એકવાર એક ડોલર બરાબર સો રૂપિયા થવા દે પછી અમારા ભાયડાનો જપાટો જોજે! તું એક સો એકના આંકડાને અડી શકે તો મને ફટ કહેજે!!

ભરત વૈષ્ણવ

### ડેઈલી માર્કેટ રિપોર્ટ

# કોટનનો વાયદો ગાંસડીદીઠ રૂ.૨૧૦ ગબડ્યોઃ મેન્થા તેલમાં પણ નરમાઈનો માહોલ

## સોના-ચાંદીના વાયદાઓમાં પરસ્પર વિરુદ્ધ ચાલઃ ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ. ૧૧૦૪૩ કરોડ અને ઓપ્શન્સમાં રૂ. ૧૨૩૩૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ. ૪૧ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૯૫,૦૯૮ સોદાઓમાં કુલ રૂ.૨૩,૪૧૫.૯૦ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ. ૧૧૦૪૨.૯૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૧૨૩૩૨.૨ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૮,૧૫૨ સોદાઓમાં કુલ રૂ.૫,૫૦૯.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૮૬૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૦૬૦ અને નીચામાં રૂ.૫૦,૮૩૧ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૭ વધી રૂ.૫૦,૯૧૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની નવેમ્બર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૦૮ વધી રૂ.૪૦,૫૭૬ અને ગોલ્ડ-પેટલ નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ વધી રૂ.૫,૦૫૪ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૭૧૭ના ભાવે ખૂલી, રૂ.૪૯ વધી રૂ.૫૦,૮૯૬ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૦,૨૪૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૦,૯૪૮ અને નીચામાં રૂ.૬૦,૦૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ. ૪૬ ઘટી રૂ.૬૦,૪૯૨ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ. ૬ વધી રૂ.૬૦,૮૩૦ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૪૭ વધી રૂ.૬૦,૮૫૦ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૯,૧૦૬ સોદાઓમાં રૂ.૨,૯૨૨.૯૯ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ નવેમ્બર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૪૫ ઘટી રૂ.૨૦૫.૧૫ અને જસત નવેમ્બર વાયદો રૂ.૧.૨૦ વધી રૂ.૨૬૬ના ભાવ થયા હતા. આ સામે તાંબુ નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭.૫૦ ઘટી રૂ.૬૭૪.૫૫ તેમ જ સીસું નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ ઘટી રૂ.૧૮૦ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૧,૩૭૧ સોદાઓમાં કુલ રૂ.૨,૫૫૭.૫૮ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૫૪૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૫૮૯ અને નીચામાં રૂ.૭,૪૭૭ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૧ વધી રૂ.૭,૫૭૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ નવેમ્બર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૫૩.૯૦ વધી રૂ.૫૭૧.૮૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૬૪૫ સોદાઓમાં રૂ.૫૨.૮૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન નવેમ્બર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૧,૬૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૨,૪૦૦ અને નીચામાં રૂ.૩૧,૬૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧૦ ઘટી રૂ.૩૧,૮૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં નવેમ્બર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૨.૬૦ ઘટી રૂ.૯૭૦.૫૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૧૨૦.૬૪ કરોડનાં ૪,૧૫૯.૨૯૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩,૩૮૮.૯૨ કરોડનાં ૫૫૭.૫૦૨ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૧૮.૩૩ કરોડનાં ૧૦,૮૭,૦૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૭૩૯ કરોડનાં ૩૦૩૨૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૪૬.૨૮ કરોડનાં ૧૪૬૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬.૫૪ કરોડનાં ૬૬.૯૬ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૫૯૭.૭૫૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૪૨.૧૩૫ ટન, ક્રૂડ તેલમાં ૮૩૮૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૮૯૯૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૭૩૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૮૯.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૪૦.૭૫ કરોડનાં ૫૭૩ લોટ્સના વેપાર થયા હતા. બુલડેક્સ નવેમ્બર વાયદો ૧૪,૧૯૮ના સ્તરે ખૂલી, ૧૧ પોઈન્ટ વધી ૧૪,૨૨૫ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૨,૩૩૨.૨૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫૧.૮૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૪૮.૩૭ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭,૮૯૮.૮૯ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૩,૩૩૨.૧૩ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૩૩૯.૮૫ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૯૮.૧૦ અને નીચામાં રૂ.૨૪૬.૫૦ રહી, અંતે રૂ.૯.૬૦ વધી રૂ.૨૯૦.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૬.૯૫ અને નીચામાં રૂ.૧૮.૫૦ રહી, અંતે રૂ.૧૯.૧૦ વધી રૂ.૩૫.૮૦ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૧૯૫ અને નીચામાં રૂ.૧૫૨ રહી, અંતે રૂ.૧૮.૫૦ વધી રૂ.૧૮૨.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૪૦૧ ખૂલી, ઊપરમાં રૂ.૧,૮૧૦ અને નીચામાં રૂ.૧,૩૨૫ રહી, અંતે રૂ.૪૬.૫૦ ઘટી રૂ.૧,૬૦૪.૫૦ થયો હતો. સોનું-મિની નવેમ્બર રૂ.૫૩,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૧ ખૂલી, ઊપરમાં રૂ.૪૮ અને નીચામાં રૂ.૩૧ રહી, અંતે રૂ.૭.૫૦ વધી રૂ.૪૨.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૮.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૬૫ અને નીચામાં રૂ.૨૦૬.૧૦ રહી, અંતે રૂ.૧૮ ઘટી રૂ.૨૧૨.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ નવેમ્બર રૂ.૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦.૨૦ અને નીચામાં રૂ.૧૧ રહી, અંતે રૂ.૧૭.૩૦ ઘટી રૂ.૧૮.૧૦ થયો હતો.

સોનું નવેમ્બર રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૨૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૪૪.૫૦ અને નીચામાં રૂ.૨૦૦ રહી, અંતે રૂ.૨૪ ઘટી રૂ.૨૨૦.૫૦ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૫૨ ખૂલી, ઊપરમાં રૂ.૧,૨૮૫.૫૦ અને નીચામાં રૂ.૯૩૦ રહી, અંતે રૂ.૧૦૨.૫૦ ઘટી રૂ.૧,૦૩૮ થયો હતો. ચાંદી-મિની નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૧૯૯ ખૂલી, ઊપરમાં રૂ.૧,૧૯૯.૫૦ અને નીચામાં રૂ.૮૫૨ રહી, અંતે રૂ.૫૭.૫૦ ઘટી રૂ.૧,૦૨૩.૫૦ થયો હતો.

### 'ભા',' બા'માં ઉમેરાઈ શકે 'દાન':હકુભા સામે રીવાબા મારશે બાજી?

# ઈસુદાન એન્ટ્રી મારે તો સમીકરણો પલટાશે, કોંગ્રેસના નેતાએ કહ્યું-પબુભા આવે કે મોદી, જીત તો મારી

જામનગર

રંગમતી-નાગમતી નદીના કિનારે જામરાવળે વસાવેલા નવાનગર અને બાદમાં જામનું નગર જામનગર તરીકે પ્રચલિત થયેલા જોશીલા જામનગરની રાજનીતિના રંગ જ કંઈક અલગ હોય છે. જામરણજિતસિંહ, સરદાર ચંદુલાલ શાહ, મેહુલ કુમાર, વિનુ માકંડ જેવી પ્રતિભાઓ આપનારા જામનગરમાં વિધાનસભા ચૂંટણીનો જંગ જામી ચૂક્યો છે. આ ચૂંટણીમાં ભા(હકુભા), બા(રીવાબા), ભા(પબુ ભા) અને જો દાન(ઈસુદાન)ની એન્ટ્રી થાય તો હાલારનાં સમીકરણ જ પલટાઈ જશે.

**ક્ષત્રિયોનું વર્ચસ્વ ધરાવતી આ સીટ પર આ વખતે કોંગ્રેસે ઉમેદવાર જાહેર કરી દીધા છે. કોંગ્રેસે જામનગર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસ સંગઠન મહામંત્રી તથા ક્ષત્રિય એવા બિપેન્દ્રસિંહ જાડેજાને ટિકિટ આપી છે.**

સૌથી પહેલા વાત સીમાંકન બાદ ૨૦૧૨માં અસ્તિત્વમાં આવેલી જામનગર ઉત્તર સીટની. આ સીટ પર ધર્મેન્દ્રસિંહ જાડેજા(હકુભા) સીટિંગ ધારાસભ્ય છે. કોંગ્રેસમાંથી આવેલા ધર્મેન્દ્રસિંહે ૨૦૧૨માં આ સીટ પરથી ભાજપના પૂર્વ મંત્રી મૂળુ બેરાને પરાજિત કર્યા હતા. ત્યાર બાદ ધર્મેન્દ્રસિંહ જાડેજાએ કોંગ્રેસને રામ રામ કરી ભાજપનો કેસરિયો ખેસ ધારણ કર્યો હતો અને ૨૦૧૭માં તેમણે કોંગ્રેસના જીવણ કુંભારવાડિયાને હરાવ્યા હતા. આ સીટ પરથી આ વખતે પણ સીટિંગ ધારાસભ્ય એવા ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પણ દાવેદારી નોંધાવી છે.

ભાજપમાંથી ધર્મેન્દ્રસિંહ જાડેજાની સાથે સાથે ક્રિકેટ ઓલરાઉન્ડ રવીન્દ્ર જાડેજાનાં પત્ની રીવાબાનું નામ પણ ટિકિટ માટે ચર્ચાઈ રહ્યું છે.

ગત મે મહિનામાં જ દિવ્ય ભાસ્કરે રીવાબાને પૂછ્યું હતું કે જો ભાજપ ટિકિટ આપશે તો ચૂંટણી લડશો? જેના જવામાં તેમણે કહ્યું હતું કે ભરોસો સંપાદિત કરવામાં આવે તો એ સ્વીકાર્ય છે. જ્યારે ચૂંટણી જાહેર થયા બાદ રીવાબાએ દિવ્ય ભાસ્કરને કહ્યું હતું કે મારા તરફથી કોઈ દાવેદારી કરવામાં આવી નથી.

ક્ષત્રિયોનું વર્ચસ્વ ધરાવતી આ સીટ પર આ વખતે કોંગ્રેસે ઉમેદવાર જાહેર કરી દીધા છે. કોંગ્રેસે જામનગર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને પ્રદેશ કોંગ્રેસ સંગઠન મહામંત્રી તથા ક્ષત્રિય એવા બિપેન્દ્રસિંહ જાડેજાને ટિકિટ આપી છે.

જો આ સીટ પર ભાજપ ક્ષત્રિયને ચૂંટણીજંગમાં ઉતારે તો બે ક્ષત્રિય વચ્ચે ખરાખરીનો ચૂંટણી જંગ જામશે.

# હત્યા પહેલાં સર્ચ કર્યું, 'સ્વર્ગ મળશે કે નરક':માતા-પિતા, ૨ પુત્રના હત્યારાની ચોંકાવનારી કહાની


શું એવું બની શકે છે કે પરિવારની હત્યા કરવા કોઈ એક-બે મહિનાથી યોજના બનાવતું હોય..ગૂગલ પર સર્ચ કર્યું હોય કે પરિવારની હત્યા કર્યા પછી સ્વર્ગ મળશે કે નરક? પત્નીનો જીવ લેવા માગતો નહોતો તો તપાસ કરી કે સરકાર તેને કેટલું પેન્શન આપશે.

આ કહાની જોધપુરના લોહાવટમાં રહેનાર શંકરલાલની છે, જેણે ૩ નવેમ્બરે મા-બાપ અને બંને પુત્રની હત્યા કરીને પોતે આત્મહત્યા કરી લીધી. શંકરલાલ સપ્ટેમ્બરથી જ પ્લાનિંગ કરી રહ્યો હતો કે પરિવારની હત્યા કેવી રીતે કરવી?જોધપુરમાં ૩જી નવેમ્બરે થયેલા હત્યાકાંડની ચોંકાવનારી કહાની...

શંકરલાલ અફીણનો વધુ નશો કરવા લાગ્યો હતો. તેને પરિવારની હત્યા કરવાનું ગાંડપણ આવી ગયું. પત્ની સાથે અણબનાવ પણ થવા લાગ્યો, કારણ કે તે વારંવાર તેને ટોકતી હતી. તેણે નિર્ણય કર્યો કે તે અલગ રહેવા માગે છે. અફીણના નશાને કારણે તેણે સપ્ટેમ્બરથી જ હત્યાનું પ્લાનિંગ શરૂ કર્યું હતું.તેણે ક્રાઈમ પેટ્રોલ અને સાવધાન ઈન્ડિયાની ક્રાઈમ સિરીઝ જોવાનું શરૂ કર્યું. સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ગૂગલ પર હત્યાનું પ્લાનિંગ, ઊંઘની ગોળીઓ અને ઝેરને લઈ ઘણી વખત સર્ચ પણ કર્યું. ત્યાર પછી ૩ નવેમ્બરે ગુરુવારે મા-બાપ અને પોતાના બે પુત્રની હત્યા કરી.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



**NOG SS NO - 0050**

નામ - રાગીની શુક્લ "રાગ"
વિષય - પાનખરે ખરતા પાન.
શીર્ષક - પાનખરે..!
તા - ૬/૧૧/૨૦૨૨.
.....................................

પાનખરમાં માણસ પાંદડા ખરતા રહે માણસોની જેમ..! મને તારી યાદો આવતી અઢળક આવશે કે કેમ ..?

આમ સૂકી વરતાય તારા વિના...!
પાનખરની જેમ જાતાં રહેશે
એ માણસ એ રીતે જાતાં..!
માણસો માણસોને નડતા રહેશે..!

એ કેવો કકરો સમય છે ને...! પ્રભુ નચાવે કઠપૂતળીની જેમ કેવા થાય કરામતો...!

પાનખરનાં ખરતા પાનોને રૂપાળાં, લોભામણા, અલ્પજીવ રંગો દે છે પ્રેરણા...!

પાનખરના પાંદડાનો ભોગ ના બનશો બનતા વસવું લાગે..! ને પાનખરમાં મરતાં પાંદડા પગ તળે આવતાં ખડખડાટ થાય..! ને મૃત્યુની લાગણી ફેલાવે..!

સૂકા બનેલાં ફૂલોને પાંદડાં પોતાની ઉદાસી પણ ફેલાવે છે..!

પાનખર શાંત વિધવા જેવી..! અમે ઉદાસીનથી ફરી પાછાં નવપલ્લવિત થાશું..?

એક દિન એ પાનખર જાશે દુર...!
રાગીની શુક્લ "રાગ"
મુંબઈ.

---------------------------------------------------

**NOGSS-123**

નામ-દિવ્યા દેઢિયા'દિવ્ય'
વિષય-પાનખરે ખરે પાંદડા/ફુલ
પ્રકાર-પદ્ય
શીર્ષક- પ્રેમરસ ઝરે
૬/૧૧/૨૦૨૨
પાનખર છે પાંદડાઓ તો ખરે!
ને વસંતે પ્રકૃતિ પ્રેમરસ ઝરે!
ખીલવા ઝાકળ મળેજો ફુલને.
શ્વાસમાં મીઠી સુગંધ થઈ સરે!
સ્વાર્થ વિણ સંબંધમાં હો લાગણી.
યાદ વીતેલા સમયની ઘર કરે!
વેદનાઓ ક્યાં રહે કાયમ બધી.
જો દુવાઓ આપતાં અંતર ઠરે!
ઉર્મિઓને શબ્દમાં લખતી કલમ.
'દિવ્ય'ભાવોથી ગઝલ જ્યાં અવતરે!
દિવ્યા દેઢિયા 'દિવ્ય'
વડાલા (મુંબઈ)

---------------------------------------------------

**NOG SS No :112**

પ્રકાર : પદ્ય
શિર્ષક : જીવન સત્ય
વિષય : પાનખરમાં ખરે પાન અને ફૂલ
પાનખરમાં ખરી જાય પર્ણો અને ફૂલ,
આ કહો કહેવાય ખરે કોની તે ભૂલ ?
લાગણીનાં પુષ્પ મહોરે બે ચાર,એ -
બાગનાં ભૂષણનું સમજે કોણ મૂલ!
મળ્યું જીવન વસંતથી શિશિર સુધી જ પણ,
હસ્યાં, હસાવ્યાં એટલું જીવ્યાં છે કુલ.
બોજ જો વધતો રહે અહમ ને ઉમેદનો,
ભાંગશે સંબંધમાં આત્મીયતા કેરો પૂલ.
નૈનોની ક્ષિતિજ પર સમણાં ઊગીને આથમે,
એકાદ સમણાંને કહું કદિક મુજ સાથે તો ઝૂલ.
અંતે આવી પ્રભુ! હાથ મારો થામજે
બાકી તો તું જેમ જીવાડે એમ કબૂલ.
'કાજલ'
નામ : કાજલ શાહ
સ્થળ : મુંબઈ.

---------------------------------------------------

**NOG SS NO : 0117**

વિષયઃ પાનખરે પાંદડા ખર્યા
' ખર્યું પર્ણ '

વહેલી સવારે બગીચામાં ચાલવા ગયેલા અનિલભાઈ એક કલાકના કસરત અને ચાલ્યા બાદ બાંકડે થાક ખાવા બેઠા હતા. થોડું રીલેક્ષ થયા બાદ શાંતિથી બેસીને આસપાસના કુદરતી વાતાવરણને નિહાળીને આનંદ માણી રહ્યા હતા. એવામાં એમની નજર સામે રહેલા એક વૃક્ષ પર પડી. તેના મોટા ભાગના પર્ણો ખરી પડ્યા હતા અને એમની નજર સમક્ષ જ એક બીજું પર્ણ ખર્યું. એ જોતા જ અનિલભાઈ ને કંઈક વિચાર આવ્યો અને ચાલતા થયા.

આખે રસ્તે એક જ વિચાર તેમને સતાવતો હતો કે, "હું પણ એ ખરતા પર્ણની જેમ એક દિવસ ખરી જઈશ. તો મારે અત્યારથી જ એની તૈયારી કરી લેવી જોઈએ. મે મારા બાળકોને, મારી પત્નીને કોઈને પણ મારા કામ વિશે, મારી મૂડી વિશે, મારા બેંકના ખાતા વિશે, મારી જમાપુંજી વિશે, મારી પાસેથી પૈસા ઉધાર લઈને ગયા છે, ધંધામાં કોની પાસેથી કેટલા લેવાના છે, કોને કેટલા આપવાના છે, એના વિશે કોઈને કંઈ કહ્યું જ નથી. દીકરો ભણી ગણીને પોતાની રીતે જોબ કરે છે અને સફળ છે એણે ક્યારેય મારા ધંધામાં રસ લીધો જ નથી એટલે હવે એ આ મારા ધંધા પર આવવાનો છે જ નહિ, એને કંઈ ખબર જ નથી. કાલ સવારે અચાનક મને કંઈ થઈ જાય તો એ લોકો શું કરશે ? મારે અત્યારથી જ એમને તૈયાર કરવા પડશે..આજે ને આજે જ મારે વકીલ પાસે બધું લખાવી લેવું પડશે. થોડું થોડું બાળકોના નામે કરતું જવું પડશે નહિ તો આટલી વર્ષોની મારી મહેનત પાણીમાં જશે. અત્યારથી જ ધીમે ધીમે જેમની પાસેથી રૂપિયા લેવાના છે એ લેવા પડશે.. આટઆટલા વર્ષોથી જે પેઢી હું એકલા હાથે ચલાવી રહ્યો છું, મારા પછી એનું ભવિષ્ય શું ? મારા ગયા પછી "એ પેઢી ઉઠી ગઈ"; લોકો એમ બોલે એના કરતાં "અનિલભાઈ બધું જ સરખી રીતે સમુ સુથરું કરતા ગયા છે. એક પણ વેપારીને કે કોઈને પણ કોઈ તકલીફ નથી પડી એવું કહેશે એ મને વધુ ગમશે." વિચારોમાં ને વિચારોમાં અનિલભાઈ ઘરે પહોંચ્યા. વકીલને ફોન કરીને મળવાની એપોઈન્ટમેટ લઈ લીધી.

- મેઘના કામદાર

---------------------------------------------------

**NOGSS NO-* 0088**

વિષય- પાનખરમાં ખરતાં પાન/ફુલ
પ્રકાર- પદ્ય
શીર્ષક- ખર્યાં પાનનો પ્રેમ!
નામ- ડૉ. મનીષા વ્યાસ
પરહળી પરોજણ પીળું પડેલ પર્ણ ખર્યું નીચે..
આવી બેઠું ઝરહળતું ઝાકળ બિંદુ તેના ગાલે!
નિરાંત હતી પીળાશે, સ્પર્શ ભીનો મીઠો ભાસે..
વાતો વાયુ મધુર મધુર સૂર્ય ઉઘડ્યો આકાશે..
પળ બેપળ ઐક્ય માણવાની છૂપી મનસા જાગે..
ડોલતું પર્ણ ધીરે ધીરે ઝાકળનો પ્રેમે વાંસો પસવારે..
ઊઠી ઉષ્મા એકમેકની સથવારો હૂંફાળો માણે..
શરમાતું ને મર્મર હસતું ઝળકે ઝાકળ બિંદુ ત્યારે..
આથમતા અસ્તમાંયે પર્ણ કાંઈક કરી છૂટવાનું ચાહે..
આપે પીળાશ ને પાકટતા ઓજને ચૂમતાં તત્ક્ષણે..
ઝીલી, નિર્મળ રંગહીન ઓજસ ઝળહળ્યું સોનેરી રંગે!
વધી શોભા બેઉં તણી અંત ભવ્યાતિ ભવ્ય લાગે..
નામ તેનો નાશ એજ નિયમથી દુનિયા નિત્ય ચાલે..
છોડ્યો ચિરસ્મરણીય લિસોટો ચાલ્યાં અનંતની વાટે..
??ડૉ. મનીષા વ્યાસ??
અમદાવાદ

---------------------------------------------------

**NOG SS No : 100**

પ્રકાર : પદ્ય
★શીર્ષક : ભીનાં ફૂલ★
વિષય : પાનખર ખરે પાન અને ફૂલ
ખરેલાં પાનમાં વગડાની વાતો,
સુક્કી હવા ને પાનખરની વાતો.
હાથમાંથી સરે છે સવાર સાંજ,
ક્ષિતિજ પોકારે વસંતની વાતો,
ફૂલો જો અદકું હાસ્ય જો વેરે,
ચીતરેલા ફૂલ સભાનતાની વાતો.
સૂર્ય આપણા સૌ ઉપર ઝળહળે,
વગડાનાં છિદ્રો ક્ષણ ભરની વાતો.
પાંદડાં પીળા ખખડે છે વેલ પર,
આખ્ખું વન ભીનાં ફૂલોની વાતો.
૧ બીજલ જગડ
મુંબઈ ઘાટકોપર

# વેળાવદરમાં ભંડેરી પરિવાર આયોજિત સમૂહલગ્ન



વેળાવદર /ભાવનગર (તખુભાઈ સાંડસુર દ્વારા)

તાલુકાના ગારીયાધાર તાલુકાના વેળાવદર ગામમાં ભંડેરી પરિવારના મુખ્ય યજમાનો શ્રી મગનભાઈ ભંડેરી તથા અશોકભાઈ ભંડેરી દ્વારા આયોજન થયેલ સર્વ જ્ઞાતિ સમૂહ લગ્નની તડામાર તૈયારીઓ વેળાવદર ખાતે થઈ રહી છે.

અંગેની આ અંગેની વિગતો આપતા શ્રી ઘનશ્યામભાઈ ભંડેરી તથા શ્રી અશોકભાઈ ભંડેરીએ જણાવ્યું કે વેળાવદર અમારું પૈત્રિક વતન છે અને ગામની દીકરીઓ અને આસપાસની દીકરીઓને પણ કન્યાદાન કરીને વળાવવાનો રૂડો અવસર વેળાવદર ગામજનો તથા આસપાસના લોકોનાં સહયોગથી આગામી ૬ નવેમ્બરના રોજ સાંજના ૪-૩૦ કલાકે રૂડા લગ્નગીતોથી આરંભ થશે.અત્રે એ બાબત નોંધપાત્ર છે કે ઉપરોક્ત બંને સુરતસ્થિત

ઉધોગપતિઓએ પોતાના જ આર્થિક સહયોગથી આ સમગ્ર આયોજન કર્યું છે.

આ સમુહલગ્ન સર્વ જ્ઞાતિની દિકરીઓનો સમાવેશ કરેલ છે.કુલ ૩૨ સમુહલગ્નની જાન તા ૬-૧૧-૨૨ ના રોજ સાંજે ૪--૦૦ કલાકે આવશે.તમામ દિકરીઓને લગ્નનો કરીયાવર બધો ઉતમ અને ગુણવત્તાયુક્ત આપવામાં આવ્યો છે. ૫ એકર વિસ્તારમાં લગ્નનગર ઉભું કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં અતિથિ તરીકે શ્રી ડો.મનસુખભાઈ માંડવિયા કેન્દ્રય મંત્રી તથા શ્રી દિલિપભાઈ સંઘાણી ઈફકો ચેરમેન અને ધારાસભ્ય શ્રી કેશુભાઇ નાકરાણી,શ્રી પ્રતાપભાઈ દુધાત વગેરે સહિત અનેક મહાનુભાવો વિશેષ હાજર રહેશે.

આ લગ્ન સમારોહને સરધાર સ્વામિનારાયણ મંદિરના મુખ્ય પ્રયોજક પુ. શ્રી નિત્યસ્વરુપ સ્વામીના રુડાં આશિર્વાદ પ્રાપ્ત થયાં છે.

---

નિવૃત્ત થયેલા મિત્રો ને સાદર
ટેન્શન,
ટેન્શન,
ટેન્શન......
છોડી દ્યો આ બધું ટેન્શન.
ખાઓ પીઓ જલસા કરો,
મોજથી ઉડાઓ પેન્શન.
હુકમ ચાલે છે ત્યાં સુધી
કરી લ્યો હકુમત, ભાઇ !!
પછી, બૈરા છોકરાઓ પણ
નહિ માને કોઈ સજેશન!!
ગુસ્સે થવાની, ગુસ્સો કરવાની ઉમર તો ગઇ હવે...
કોઈ સોરી કહે તો પણ,
શાંતિથી કહેજો નો મેન્શન.....!!!
હાથમાં છે વહેવાર ત્યાં સુધી
રાખો બધુય હસ્તગત,
પછી પાણી માટેય પૂછવું પડશે,
એવી થશે પોજીશન..!!!
શરતોમાં જીત્યો છું ને,
શરતોમાં ઘણું હાર્યો છું...
હવે કહો જિંદગી ને,
ડોન્ટ એપ્લાય એની કંડીશન....!!!
ગુમાવ્યું એનો ગમ ના કરો,
મળ્યું છે એમાં મોજ કરો,
કેમ કે, કયારે હાર્ટ બેસી જશે,
વિધાઉટ એની ઈન્ફોર્મેશન..!!
ક્યારેક પાપ કર્યા હોય તો
એનું કરી લેજો પ્રાયશ્ચિત...!!
ઈશ્વર ગુન્હા માફ કરી દેશે,
વિધાઉટ એની ઓબજેકશન...!!
દોડ ધામ ચિંતા ઉતાવળ,
મેલો અભરાઇ એ આ ભૂતાવળ,
બીપી, સુગર ને કહો રુક જાઓ,
આગળ નથી કોઈ પરમિશન...!!!
મૃત્યુ આવે તો મરવાનું મજાથી,
ડરવાનું નહિ ખુદા/ભગવાન ની સજાથી,
અને હસ્તે મોઢે હાલતા થવાનું,
આપ્યા વગર કોઈ ઓપ્શન....!!!!
આભાર સહ
મનોજકુમાર આર.સરૈયા ના
જય શ્રી કૃષ્ણઃ

# વિધાનસભા ચૂંટણી પૂર્વે ભુજ કોંગ્રેસમાં થયો મોટો ભડકો

**પક્ષ દ્વારા કદાવર નેતા રાજેન્દ્રસિંહ જાડેજાની અવગણના કરવામાં આવતા અપાયું રાજીનામું**

રાજેન્દ્રસિંહના સમર્થનમાં ભુજ નગરપાલિકાના વિપક્ષી નેતા સહિતના ૧૮ હોદેદારોએ આપ્યા રાજીનામા

ભુજ નગરપાલિકાના ૬ કાઉન્સિલરોએ પણ ધર્યું રાજીનામુ અગ્રણી હોદેદારોએ પક્ષાથી છેડો ફાડતા રાજકીયમાહોલ ગરમ એક સાથે અનેક અગ્રણીઓના રાજીનામાં ના કારણે ભુજ વિધાનસભા બેઠકની ચૂંટણીમાં પડી શકે છે મોટી અસર રાજકોટ ના કોંગ્રેસ માથી આમ આદમી પાર્ટીમાં ગયેલા પૂર્વ ધારાસભ્ય ઈન્દ્રનીલ રાજગુરુ કોંગ્રેસમાં ઘર વાપસી કર્યા બાદ જાહેરાત કરી છે કે આ વખતે હું ચૂંટણી લડીશ નહી અને ભાજપ અને આમ આદમી પાર્ટીને હરાવવામાં પ્રયત્ન કરીશ.

## ભારતીય ફેન હાથમાં તિરંગો લઈને મેદાનમાં ઘૂસ્યોઃરોહિત શર્મા પાસે પહોંચીને રડવા લાગ્યો, હવે ચૂકવવો પડશે ૬.૫૦ લાખ રૂપિયાનો દંડ

એડિલેડ

રવિવારે મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે ભારત અને ઝિમ્બાબ્વે વચ્ચે રમાયેલી_૨૦ વર્લ્ડ કપનીની છેલ્લી સુપર-૧૨ લીગ મેચ દરમિયાન એક ફેન તિરંગો લઈને મેદાનમાં ઘૂસી ગયો હતો. સિક્યોરિટીને હાથતાળી આપીને તે ભારતીય કેપ્ટન રોહિત શર્માની નજીક પહોંચી ગયો હતો અને તેની સાથે વાત કરતાં તે રડવા લાગ્યો હતો. સુરક્ષાકર્મીઓએ તેને પકડીને મેદાન પરથી બહાર કર્યો હતો. આ ફેન પર ૬.૫૦ લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. ભારતે આ મેચ ૭૧ રને જીતી લીધી હતી. આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ સેમીફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.




ટીમ ઈન્ડિયાના ૧૮૭ રનના ટાર્ગેટનો પીછો કરતાં ૧૬.૪ ઓવર સુધી ઝિમ્બાબ્વેની ટીમે ૯ વિકેટના નુકસાને ૧૧૧ રન બનાવ્યા હતા. ભારતને જીતવા માટે ૧ વિકેટની જરૂર હતી. ટીમ ઈન્ડિયાની જીત નિશ્ચિત હતી. હાર્દિક પંડ્યા ૧૭મી ઓવરનો ૫મો બોલ નાખવા માટે તૈયાર હતો. ત્યારે જ આ ભારતીય ફેન મેદાનમાં ઘૂસી ગયો, જેના કારણે થોડો સમય મેચ રોકી દેવામાં આવી હતી.

# ૭ નવેમ્બરના રોજ ભારતમાં રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ મનાવવામાં આવે છે

રાષ્ટ્રીય કેન્સર જાગૃતિ દિવસ એ નોબેલ પુરસ્કાર વિજેતા વૈજ્ઞાનિક મેડમ ક્યુરી ની જન્મજયંતિ સાથે એકરુપ થાય છે. ૧૮૬૭માં વોર્સો, પોલેન્ડમાં જન્મેલી મેરી ક્યુરીને આ દિવસે રેડિયમ અને પોલોનિયમની શોધ કરવા બદલ યાદ કરવામાં આવે છે. જેના કારણે કેન્સર ની સારવાર માં ન્યુક્લિયર એનર્જી અને રેડિયોથેરાપીનો વિકાસ થયો.

જેના ભાગ રૂપે ભારતના સૌથી મોટા કેન્સર કેર નેટવર્કમાંથી એક એવા એચ.સી.જી. કેન્સર સેન્ટર, અમદાવાદ દ્વારા કેન્સર ની પ્રારંભિક તપાસ, કેન્સર પેદા કરતી જીવનશૈલી અને તેના ચિહ્નો અને શરુઆતના લક્ષણો અંગે જાહેર જનતાને જાગૃત કરવામાં આવે છે.



એચ સી જી કેન્સર સેન્ટર, અમદાવાદના ડિરેક્ટર અને હેડ એન્ડ નેક કેન્સર વિભાગના વડા ડૉ. રાજેન્દ્ર ટોપરાની જણાવે છે કે ભારતમાં દર વર્ષે લગભગ ૧.૧ મિલિયન નવા કેસ નોંધાઈ રહ્યા છે. તમાકુ (ધૂમ્રપાન અને ધૂમ્રપાન રહિત) ૨૦૧૮ માં પુરુષો અને સ્ત્રીઓમાં ૩,૧૭,૯૨૮ મૃત્યુ માટે જવાબદાર હિસ્સો હતો.

ઓરલ કેવિટી અને ફેફસાંના કેન્સર પુરૂષોમાં કેન્સરથી થતા મૃત્યુમાં ૨૫% અને સ્તન અને ઓરલ કેવિટી સ્ત્રીઓમાં કેન્સર થી થતા મૃત્યુમાં ૨૫% નો ભાગ ભજવે છે.

ભારતમાં સ્તન કેન્સરનું નિદાન થયેલ દર ૨ મહિલાઓ પૈકી એક મહિલા અને દર ૮ મિનિટે સર્વાઇકલ કેન્સરથી એક મહિલા મૃત્યુ પામે છે. ભારતમાં, રોકી શકાય તેવા પરિબળો ૭૦% કેન્સર માટે જવાબદાર છે જેમાંથી ૪૦% તમાકુ સંબંધિત છે, ૨૦% ચેપ-સંબંધિત અને ૧૦% જીવનશૈલી/અન્ય પરિબળો જેવા કે આલ્કોહોલ, ડ્રગનો ઉપયોગ, ખરાબ આહાર, સ્થૂળતા, પ્રદૂષણ છે અને અસુરક્ષિત સેકસ એ સર્વાઇકલ કેન્સર માટે જવાબદાર છે.

ફેફસાના કેન્સરનું ઊંચું જોખમ તમાકુના ઉપયોગ અને હવા પ્રદૂષણ ને કારણે છે. ભારતમાં, કેન્સર હૃદયરોગ પછી બીજા નંબરનું સૌથી મોટું કિલર છે અને તમાકુનો ઉપયોગ ૧૪ પ્રકારના કેન્સર માટે જવાબદાર પરિબળ છે. કેન્સરનો ઉચ્ચ પ્રમાણ માં કૌટુંબિક ઈતિહાસ ધરાવતા દર્દીઓમાં અમુક આનુવંશિક પરીક્ષણો પણ મદદરૂપ થાય છે.

લગભગ ૭૦% કેન્સર પ્રારંભિક/અંત ના તબક્કામાં મળી આવે છે. ભારતમાં જાગૃતિના અભાવ, નિરક્ષરતા, ડર અને નિષેધને કારણે દર્દીઓના જીવિત રહેવાની તકો ઘટી જાય છે.

જો કેન્સરનું વહેલાસર નિદાન કરવામાં આવે તો, વધુ સારા પરિણામ ખુબજ ઓછા દરે ઈલાજ / કેન્સરની સારવાર કરી શકાય છે. જ્યારે કેન્સર નું પ્રારંભિક તબક્કે નિદાન થાય છે, વધુ સારું પરિણામ મેળવી મૃત્યુદર ઘટાડી શકાય છે. આપણે ૪૫ - ૫૦ વર્ષની ઉંમર પછી તપાસ કરાવીને, નિવારણ અને પ્રારંભિક તપાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કેન્સર ને પ્રારંભીક તબક્કામાં પકડવા અને તેના નિવારણ માટે વિવિધ કાર્યક્રમો શરૂ કરવામાં આવ્યા છે.

સામાન્ય વસ્તી માટે કેન્સર સ્ક્રીનીંગમાં નિષ્ણાતો દ્વારા તપાસ, સામાન્ય ટેસ્ટ જેવા કે લોહી, પેશાબ, સ્ટૂલ, ચેસ્ટ એક્સરે, ગરદનની સોનોગ્રાફી અને પેપ સ્મીયર, મેમોગ્રાફી અને કોલોનોસ્કોપી કરવામાં આવે છે. આ તમામ સુવિધાઓ અગ્રણી એચ.સી.જી. કેન્સર સેન્ટરમાં ઉપલબ્ધ છે.



વિધાનસભા સામાન્ય ચૂંટણી ૦૨૦૨૨અનુસંધાને પાલનપુર પૂર્વ પોલીસ તથા પેરા મિલિટરી ફોર્સ દ્વારા સંયુક્ત રૂપે પાલનપુર પૂર્વ પોલીસ સ્ટેશન વિસ્તારમાં એરિયા ડોમીનેશન/ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું....

# "જનસંઘ ફરીથી મેદાનમાં."




આવનાર ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપ,કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી ત્રણ જ હતા. પણ હવે હિંદુત્વના મુદ્દે જનસંઘ પણ મેદાને ઉતરી રહ્યું છે અને વર્તમાન શાસકની કથની અને કરણીમાં ફેર છે તે બાબતને ઉજાગર કરવા,વિકાસના પોકળ દાવાને,ભ્રષ્ટાચાર,મોંઘવારીથી પરેશાન જનતાને સાચી વાત જણાવવા,ભારતીય જનતા પાર્ટી ભારતીય જનતાને જે રીતે મૂરખ બનાવી રહી છે તેને પ્રજા સમક્ષ ખૂલ્લો પાડવા,ફરી એકવાર જનસંઘ રાજકારણના મેદાનમાં આવી રહ્યું છે.દલિત,મુસ્લિમ,આદિવાસી પ્રજામાંથી ભારતના સર્વોચ્ચ પદે વ્યક્તિને નિયુક્ત કરનારા હિંદુઓ પાસે મત માંગવા આવે છે.શું સર્વોચ્ચ પદ માટે હિંદુ પ્રજામાંથી એમને કોઈ વ્યક્તિ મળતી નથી?મતનું રાજકારણ રમનારાને હિંદુત્વ પ્રત્યે કોઈ લાગણી નથી.હિંદુત્વ જેમના માટે ફક્ત મત મેળવવાનું સાધન છે. એવા લોકોની મેલી મુરાદ ખુલ્લી પાડવા જનસંઘ ફરી એકવાર મેદાનમાં આવી રહ્યું છે.

## ,,,,, પરિવર્તન સંકલ્પ યાત્રા,,,,,

## ઉત્તર વિધાનસભા નો રૂટ આ મુજબ નો રહેછે

પેથાપુર અંબાજી માતાના મંદિરથી આશીર્વાદ લઈ બસ સ્ટેન્ડની સામે થી યાત્રા શરૂ કરીશુ.ત્યાર પછી. પેથાપુર ચાર રસ્તા ખાતે મહારાણા પ્રતાપ ની પ્રતિમા ને ફુલહાર કરી યાત્રા શરૂ કરીશુ..... સમય

૮,૧૫
પીપલજ ૮,૩૦
પીંદરડા,૮,૪૫
ઉનાવા ૯,૦૦
વાસણ,૯,૧૫
રાંધેજા ૯,૩૦
રૂપાલ ૯,૪૫
સોનીપુર ૧૦,૦૦
સરઢવ ૧૦,૧૫
જલુન્દ ૧૦,૩૦
મોટી આદરજ ૧૦,૪૫
કોલવડા ૧૧,૦૦
વાવોલ ૧૨,૩૦ વાગે પહોંચી છું,, ભોજન લઈ યાત્રા ને વિરામ આપીશું

સ્થળ,, વૈદેહી શાહીન, વાવોલ ઉવારસાદ રોડ,,૪૫ મીટર રિંગ રોડ વાવોલ

"પરિવર્તન સંકલ્પ યાત્રા"

(ગાંધીનગર શહેર )

તા:-૮/૧૧/૨૦૨૨, મંગળવાર ના રોજ બપોરે ૩-૦૦ કલાકે વૈદેહી શાહિન,વાવોલથી શરૂ થઈ ગોકુળપુરા,સેક્ટર-૨૫, ૨૬, ૨૭, ૨૪, ૨૮, ૩,૨૯,૨૨, ૩૦,૨૧,૨૦, ૧૯,૧૭,૧૬,૧૫, ૧૪, ૧૩, ૧૨, ૯, ૮,૭,૬,૫, ૪, ૩(ન્યુ),૧,૨ તથા ચેહરમાતા મંદિર, સેક્ટર-૩ ખાતે પૂર્ણ થશે. જેમાં ગાંધીનગર શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના સૌ આગેવાનશ્રીઓ, હોદેદારશ્રીઓ, સેલના ચેરમેનશ્રીઓ, વોર્ડ પ્રમુખશ્રીઓ, કોપૉરેટરશ્રીઓ, યુથ કોંગ્રેસ, મહિલા કોંગ્રેસ, એન.એસ. યુ. આઈ,સેવાદળ અને કાર્યકરશ્રીઓને મોટી સંખ્યામાં હાજર રહી યાત્રામાં જોડાવવા વિનંતી...

'અરવિંદસિંહ સોલંકી'
'પ્રમુખ,ગાંધીનગર જીલ્લા કોંગ્રેસ સમિતિ'

'શૈલેન્દ્રસિંહ બિહોલા, પ્રમુખ ,ગાંધીનગર શહેર-જીલ્લા કોંગ્રેસ સમિતિ'

# ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષશ્રી સી. આર. પાટીલ સાહેબે "આ ગુજરાત મેં બનાવ્યું છે" અભિયાનનું લોન્ચિંગ કર્યુ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મિડીયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજ રોજ ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશના પ્રદેશ અધ્યક્ષ શ્રી સી. આર. પાટીલ સાહેબે "આ ગુજરાત મેં બનાવ્યું છે" અભિયાનના લોન્ચિંગ કરી પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું કે, સાહસિક ખમીરવંતા ગુજરાતના લોકોના સાથ અને સહકારથી આ ગુજરાત મે બનાવ્યું છે તે સુત્ર આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગઇકાલે ગુજરાતના વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નાનાપોંઢા ખાતેથી ચૂંટણી અંગેની તેઓની પ્રથમ જાહેર સભાને સંબોધન કરતાં આપ્યું છે. મોદી સાહેબનો પરિશ્રમ અને અમારો ભરોસો બંન્ને સાથે જોડીને આ પ્રોજેક્ટને ખુલ્લો મૂકવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં આ પ્રોજેક્ટ હેઠળ ગુજરાત રાજ્યમાં કરવામાં આવેલ અવિરત વિકાસયાત્રાના વિઝયુઅલ થકી આગામી વિધાનસભાની ચૂંટણીમાં અમો જનતા સમક્ષ જઈ રહયાં છીએ. ત્યારબાદ આ ગુજરાત મે બનાવ્યું છે શિર્ષક હેઠળ તૈયાર કરવામાં આવેલ વિઝયુઅલની ઝાંખી દર્શાવવામાં આવી હતી.

શ્રી સી. આર. પાટીલે સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, મેં બનાવ્યું છે આ ગુજરાત શિર્ષક હેઠળ રાજયમાં જયારથી ભાજપાની સરકાર જન જન સેવાના શુભ આશયથી કાર્યરત છે ત્યારથી ગુજરાત રાજયમાં જ્યોતિગ્રામ યોજના અંતર્ગત ૨૪ કલાક વિજળી પુરી પાડવાનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવેલ છે. રાજયમાં ખેડૂતો આવક બમણી થાય તે હેતુથી કૃષિ મહોત્સવ થકી ટેકનોલોજી આધારીત ખેતી ધરતીપુત્રોને આપી ખેડૂતોની આવકનો ગ્રોથ ડબલ ડીઝીટમાં આપવામાં અમે સફળ રહ્યાં છીએ. રાજયમાં પહેલાં શાળાના બાળકોનો ડ્રોપ આઉટ રેશીયો ૩૭ ટકા સુધીનો રહેતો હતો જેને રાજય સરકારના ગુણોત્સવ અને શાળા પ્રવેશોત્સવ જેવા કાર્યક્રમો થકી આજે રાજયમાં ડ્રોપ આઉટ રેશીયો ૨ ટકા જેટલો રહી ગયો છે. પહેલાં રાજયમાં કન્યાઓને અભ્યાસી સીમીત રહેતો હતો પરંતુ અમારી કન્યા કેળવણી યોજના થકી બેટી પઢાઓના આંદોલનો કરી દિકરીઓને સુશિક્ષીત કરવામાં આવી રહી છે. રાજયમાં દિકરીઓને જન્મદર ઓછો રહેતો હોવાઇ ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા માતૃ વંદના અને બેટી બચાવો યોજના થકી માતા મૃત્યુદર અને બાળ મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં સફળતા મેળવેલ છે. ભૂતકાળની સરકારમાં રાજયમાં બેરોજગારીનું પ્રમાણ વધુ હતું જેની ચિંતા કરી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટી થકી વિદેશ મૂડી રોકાણ ગુજરાતમાં લાવી સૌથી વધુ રોજગારી આપતું ગુજરાત બનાવવામાં આવ્યું છે.

રાજયમાં અકસ્માત કે જીવલેણ બિમારીથી પિડાતા દર્દીઓને સમયસર સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સની સેવાઓનો વ્યાપ વધારી લોકોના જીવ બચાવવામાં ભારતીય જનતા પાર્ટીની સરકારે સફળતા મેળવેલ છે. રાજયમાં ઓછા અભ્યાસના કારણે રોજગારીથી વંચિત રહેનાર લોકોને ગરીબ કલ્યાણ મેળાના આયોજન થકી ગરીબોને સ્વનિર્ભર કરતું ગુજરાત બનાવવામાં સફળતા મેળવી છે. રાજયના બાળકો અને રમતવીરોને ખેલ કુદ ક્ષેત્રે ખેલમહાકુંભના આયોજન થકી અગ્રીમ હરોળમાં સ્થાન અપાવ્યું છે.




રાજયની જનતાને ઘેર ઘેર નળ થી જળ મળી રહે તે માટે નર્મદા યોજના થકી ૬૯ હજાર કિલોમીટ સુધી કેનાલ અને ૧.૨૦ લાખ કિલોમીટરની પાઇપ લાઇન થકી પાણી પહોંચાડ્યું છે. રાજયમાં ચાલતા ભ્રષ્ટાચારને નાબુદ કરવા માટે ઈ ગવર્નન્સ યોજના થકી ભ્રષ્ટાચાર મૂક્ત ગુજરાત બનાવવામાં સફળતા મેળવેલ છે. ગુજરાત શાંત અને સમૃધ્ધ રાજય બની રહે તે માટે કાયદાઓનું કડક અમલીકરણ કરવામાં આવ્યું છે. આદિવાસી ભાઈઓ અને બહેનોને વનબંધુ યોજના થકી તેમના હક અને અધિકાર આપી આદિવાસી વિસ્તારનો વિકાસ કરનાર રાજય બનાવવામાં સફળતા પ્રાપ્ત કરવામાં આવેલ છે. સાગર ખેડૂઓને તેમનું જીવન ધોરણ ઉપર લાવવામાં માટે જરૂરી સાધન સામગ્રી પુરી પાડવામાં આવી છે. ગુજરાતના લોહ પુરૂષ અને ગુજરાતનું ગૌરવ એવા સરદાર સાહેબને યોગ્ય સન્માન મળી રહે તે માટે વિશ્વની સૌથી ઉંચી ૧૮૨ મીટરની પ્રતિમાંનું અનાવર કરી પ્રતિભા અનુસાર શ્રધ્ધાંજલી આપી ટુરીઝમ ઉદ્યોગમાં વેગવંતુ સ્થાન ગુજરાતે મેળવેલ છે. રાજયનો ખેડૂત દેવામાં ડુબી ન જાય તે માટે ૦ ટકાના દરે પાક ધિરાણ આપવામાં આવે છે.

રાજયના ૧.૪૮ કરોડ લોકોને આયુષ્યમાન કાર્ડ હેઠળ આવરી લઈ રૂ. ૫ લાખ સુધીની મફત સારવાર આપતું ગુજરાત સૌ પ્રથમ રાજય બન્યું છે. રાજયની બહેનો ચુલાના ધુમાડાથી બિમારીનો ભોગ ન બને તે માટે ૩૬ લાખ મહિલાઓને ગેસ કનેક્શન આપી મહિલાઓને રક્ષણ આપતું ગુજરાત બનાવવામાં આવેલ છે.

રાજયના ૭૧ લાખ પરિવારોને દર મહિને નિઃશુલ્ક વ્યક્તિદિઠ ૫ કિલો અનાજ પુરૂ પાડતું ગુજરાત બનાવવામાં આવ્યું છે.

ગૌરવશાળી આ ગુજરાતને સ્ટેટ સ્ટાર્ટઅપ રેક્કિંગમાં સતત ત્રણ વર્ષ સુધી પ્રથમ ક્રમાંક અપાવનારૂ બનાવવામાં આવ્યું છે.

રાજયનો વિદ્યાર્થી મેડીકલનો અભ્યાસ રાજયમાં જ કરી શકે તે માટે વધુ ૩૧ મેડિકલ કોલેજની મંજુરી આપી ૫૭૦૦થી વધુ મેડીકલ બેઠક ધરાવતું ગુજરાત બનાવવામાં આવ્યું છે. રાજયના નાનામાં નાના ૧.૧૦ કરોડ નાનાવેપારીઓને લોન સહાય આપી પગભર બનાવતું ગુજરાત બનાવવામાં આવેલ છે. રાજયના ૪૪ લાખ ૫૦ હજારથી વધુ લોકોને વિમાથી સુરક્ષીત કરવામાં આવ્યાં છે અને ૮૬ લાખ ૫૬હજાર જેટલા અસંગઠિત શ્રમિકોની નોંધણી કરી તેમના હક્ક આપતું ગુજરાત બનાવવામાં આવ્યું છે. રાજયના દરેક ગામમાં સામુહિક અને પ્રાથમિક તેમજ પેટા આરોગ્ય કેન્દ્ર સ્થાપી જન આરોગ્યની ચિંતા કરનારૂ ગુજરાત બનાવવામાં આવ્યું છે.


શ્રી સી. આર. પાટીલે સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, વિશ્વના સૌથી ઉંચા હાઈબ્રીડ એનર્જીની સ્થાપના પણ ગુજરાતમાં કરવામાં આવી છે. ટેક્ષટાઈલ પોલીસી અંતર્ગત ૭ નવા પાર્ક બનાવી ૨૧ લાખ નોકરીઓનું સર્જન કરનાર ગુજરાત બનાવવામાં આવે છે.

શ્રી પાટીલે સોહબે જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજયની ચૂંટણીમાં મહિલાઓને ૫૦ ટકા જેટલું પ્રભુત્વ આપી મહિલાઓનું સન્માન વધારવાનું અને પ્રજાજનોની ધાર્મિકસંસ્કૃતીને જીવંત રાખવા માટે માં અંબાના ધામ અંબાજી, ભગવાન શીવના ધામ સોમનાથ અને માં કાળીના ધામ પાવાગઢને પુનરોધ્ધાર પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં કરવામાં આવ્યો છે.

શ્રી સી. આર. પાટીલે સાહેબે વધુમાં જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા આવા અનેક વિકાસ કાર્યોની ભેંટ રાજયને આપવા માટે પ્રત્યેક ગુજરાતીઓએ તેમનો લોહી અને પરસેવો એક કરી ભારતીય જનતા પાર્ટીની સરકાર સાથે ખભેખભા મિલાવી ઉભો રહ્યો છે.

"આ ગુજરાત મેં બનાવ્યું છે" અભિયાનના લોન્ચિંગ સમયે ભારતીય જનતા પાર્ટીના મહામંત્રીશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ, વિનોદભાઈ ચાવડા, પ્રદિપસિંહ વાઘેલા, રાજયના ગૃહ મંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી, ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રવક્તા શ્રી યમલભાઈ વ્યાસ, ડૉ. ઋત્વિજ પટેલ અને અલ્પેશભાઈ ઠાકોર ઉપસ્થિત રહ્યાં હતાં.

ડૉ.યજ્ઞેશ દવે
(પ્રદેશ મિડિયા કન્વીનર)




**ગુજરાતી બાળસાહિત્યકાર વોટ્સએપ ગ્રુપ દ્વારા તેમના લેખકો દ્વારા લિખિત અને અને ગ્રુપના સંચાલકો દ્વારા સંપાદિત બે બાળ પુસ્તકો ૧. અલપ ઝલપ બાળગીતો (સહિયારો બાળગીત સંગ્રહ) અને ૨. ઉગતો સૂરજ (સહિયારો બાળવાર્તા સંગ્રહ) નું ગૂગલ મીટ એપ્લિકેશન દ્વારા ઓનલાઈન વિમોચન કરવામાં આવ્યું.**

**આ ઓનલાઈન કાર્યક્રમનું સમગ્ર સંચાલન શ્રી. ફાલ્ગુન કુમાર 'તથાગત' દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે શ્રી. મહેશ 'સ્પર્શ' (બાળવાર્તા લેખક) હાજર રહ્યા હતાં. તેમજ અન્ય અતિથિ શ્રી. મનુભાઈ પટેલ (હાલ USA), શ્રી. પ્રકાશ કુબાવત અને શ્રી. મણિલાલ શ્રીમાળી પણ હાજર રહી આ કાર્યક્રમની શોભા વધારી હતી. આ બંને બાળ પુસ્તકોનું વિમોચન ઉપસ્થિત અતિથિઓ દ્વારા કરાવવામાં આવ્યું હતું.**

**આ કર્યક્રમમાં અતિથિઓનો પરિચય અને આભારવિધિ શ્રી. બીરેન પટેલ સાહેબે કરી હતી. આ કાર્યક્રમમાં અન્ય બાળ લેખકો પણ જોડાયા હતા. સૌ એ મળી બાળ સાહિત્ય લેખન વિશે ખૂબ સરસ ચર્ચા વિચારણા કરી હતી.**
































Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.